ટપુંક

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

વર્ષ : ૧૯
અંક : ૬

## વરસાદની જોવાતી રાહ

ચોમાસાની શરૂઆત થઈ ચૂકી છે. પણ હજુ સુધી વરસાદનાં કોઈ એંધાણ નથી. ઉનાળાની કાળઝાળ ગરમીથી કંટાળીને ખેડૂતો, પશુ–પક્ષીઓ સૌ કોઈ વરસાદની આતુરતાપૂર્વક રાહ જોઈ રહયાં છે. ખેડૂતો ચિંતામાં મુકાયા છે. કયારે વરસાદ પડે ને ભીની માટીની મહેક આવે, કયારે વાવણી થાય ? પણ લાગે છે કે કુદરતના રીસામણા હોય તેમ વરસાદનાં કયાંય ચિન્હ્ જ નથી.

ખેડૂતો આકાશની સામે જોઈને વરસાદ આવવાની ભગવાનને પ્રાર્થના કરે છે. જો સમયસર વાવણી નહી થાય તો તેમણે ધારેલ પાક તે વાવી શકશે નહી અને વાવણી સમય લંબાવાને કારણે પાકમાં ફેરબદલી કરવી પડશે. ચોમાસાની શરૂઆત કરતાં અત્યારે વરસાદ બહુ મોડો છે. માની લો કે ૩૦ જૂન પછી જો વરસાદ થાય તો કપાસની જગ્યાએ તલ, મગફળીની જગ્યાએ એરંડા કે કઠોળ વર્ગનાં પાક વાવી વર્ષનું અંદાજપત્ર બનાવવું જોઈએ. જે ખેડૂતોને ખેતરમાં ભરપૂર પાણી છે તેઓ સમયસર વાવણી કરી લેશે પણ જેઓને પાણીની તંગી છે તેઓએ તો વરસાદ પર જ નિર્ભર રહેવાનું છે.

અમરેલી બાબરા બ્લોકમાં સંસ્થાના કાર્યકરોએ બીસીઆઈ પ્રોજેકટ સાથે સંકળાયેલા ખેડૂતોને વાવણી લંબાવાને કારણે કપાસનાં પાકમાં ટૂંકા ગાળાની વેરાઈટીઓનું તેમજ આંતરપાક તરીકે તલ, મગ અને અડદનું વાવેતર કરી આગામી સીઝનમાં પાકનું જોખમ કેવી રીતે ઘટાડવું તેની માહીતી આપવામાં આવી હતી.

*– નરેન્દ્ર પોંકીયા (૯૭૨૫૫૯૮૦૩૯)*

### રમૂજ એક થેરાપી

**કનુ** : બોલ મનુ પચવામાં સૌથી ભારે ખોરાક કયો?

**મનુ** : ઘી..

**કનુ** : ના..રે..

**મનુ** : તો..?

**કનુ** : ગોળ–ધાણા, એક જ વાર ખાધા છે. હજુ સુધી નથી પચ્યા ?

*ચિંતાને હંમેશા તમારા જીવનની બહાર યોગ્ય જગ્યાએ રાખો.*

## વિશ્વ પર્યાવરણ દિન ઉજવણી

જનમાનસમાં પર્યાવરણ પ્રશ્રે જાગૃતતા વધે – લોકો પર્યાવરણ સુરક્ષા કાર્યમાં સહભાગી બને તે હેતુથી પ્રતિવર્ષ તા.૫ મી જુને વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી કરવામાં આવે છે. આ દિવસની ઉજવણી કરવા પાછળનો મુખ્ય હેતુ પર્યાવરણ અંગેની જાગૃતતા લાવવાનો છે. જેમાં જળ, જમીન, હવા અને અવાજનું પ્રદૂષણ રોકવું અને આવા પ્રદૂષણો દ્વારા પર્યાવરણ ને નુકશાન થતું અટકાવવું.

પર્યાવરણની સુરક્ષા દરેક દેશ માટે ચિંતાનો વિષય બન્યો છે. અત્યારે જયાં જોઈએ ત્યાં પ્રદૂષણ પથરાઈ રહયું છે. હવાનું પ્રદૂષણ, ધૂમાડાનું પ્રદૂષણ, અવાજનું પ્રદૂષણ, ગ્લોબલ વોર્મિંગ જેવા તત્વોએ જાણે ઘર કરી લીધું છે.

આજના દિવસે ખડાધાર, કંટાળા અને ભાડ મૂકામે ગામના લોકો અને શાળાના બાળકોએ ગામમાં રેલી સ્વરૂપે ગામ લોકોને જોડી 'જળ બચાવો જીવન બચાવો' 'વૃક્ષો વાવો પ્રદૂષણ ઘટાડો' જેવા નારા અને સૂત્રોચ્ચાર કરી જનજાગૃતિનો કાર્યક્રમ કર્યો હતો. તેમજ વૃક્ષોનું મહત્વ અને ઉદ્યોગીકરણથી થતા પ્રદૂષણનો પરિચય આપ્યો હતો. પ્રદૂષણ કેમ અટકાવવું તેની માહિતી આપી હતી. તેમજ હાલમાં પડતી પાણીની મુશ્કેલી અને પાણીનું મહત્વ 'જળ એજ જીવન છે' નામની વિડિયો ફિલ્મ બતાવી સમજાવ્યું હતું. વાતાવરણમાં થઈ રહેલાં ફેરફારને ધ્યાને લઈ બાળકો, યુવાનો તથા ગ્રામજનો સાથે વાર્તાલાપ થયો હતો.



*એક સારા ચરિત્રનું નિર્માણ હજારો ઠોકરો ખાધા પછી જ થાય છે.*

## ચાલાકી

હું મારી જાતને ઘણો હોશિયાર માનતો. ખાસ કરીને પંચાયતથી માંડીને વિધાનસભાની ચૂંટણીઓમાં કેમ બાજી જીતવી, કેવા દાવપેચ રમવા વગેરે મને સારી રીતે ફાવતું. આવી ઘણી બાબતોમાં હું નિષ્ણાત હતો આખા ગામમાં મારૂ નામ બોલાતું. એક દિવસ રાત્રે અંધારામાં મારા ઘરે દરવાજા આગળ એક કદાવર અને બિહામણો માણસ જોયો. તેનો ચહેરો કાળો હતો. હું ગભરાઈ ગયો અડધી રાત્રે આ ભયાનક પ્રાણી કોણ છે. પછી મને થયું કે સાક્ષાત યમરાજ લાગે છે. ચોક્કસ મને લેવા આવ્યા લાગે છે. મે કહયું, પધારો સાહેબ આજે આ બાજુ કયાંથી ભૂલા પડયા ? શું સ્વર્ગમાં સારા હોશીયાર માણસોની ખોટ છે તે મારે ત્યાં દર્શન દીધાં ? અત્યારે હું ચૂંટણીની ધમાલમાં ખૂબ વ્યસ્ત છું એટલે અપોઈમેન્ટ લઈને આવો તો સારૂ. પરંતુ મારૂ કહયું કશું કાને ધર્યુ નહી તેમણે સીધા સોફા પર આસન જમાવી દીધું. પોતાની ઓળખાણ આપતા કહયું – હું યમરાજ છું, તમને લેવા આવ્યો છુ. તમારો સમય પૂરો થયો છે. મે કહયું આટલી ઉતાવળ શા માટે ? યમરાજે કહયું મને પૃથ્વીલોક પરથી લઈ જવાની યાદી આપવામાં આવી છે. એ યાદીમાં તમારૂ નામ સૌથી પહેલું છે હવે આ યાદીમાં કંઈ ફેરફાર ન થઈ શકે. તમારી નોકરશાહીની માફક અમે ફાવે ત્યારે અને ફાવે તેમ અમે આવી ન શકીએ. અમને આપેલા ટાર્ગેટ અને શીડયુલ પ્રમાણે જ બધું કામ કરવાનું હોય છે. મેં થોડી ઠાવકાઈથી કહયું, ભલે તૈયાર છું પણ તમે ઘણે દૂરથી આવ્યા છો તો આપણે એક કપ કોફી પી લઈએ. યમરાજે કહયું વત્સ! આમ તો અમારાથી સમય ન ચૂકાય પરંતુ તારા આગ્રહને લીધે કોફી પીને નીકળશું યમરાજ કોફી પીને ખુશ થયા. યમરાજને ઘેનની ગોળીઓ આપવામાં આવી. ઘેનની ગોળીઓથી તુરંત નિંદ્રામાં પોઢી ગયા. મેં ઝટપટ તેમના હાથમા રહેલી યાદી જોઈ લીધી. તેમાં મારૂ નામ પહેલું હતું. કોઈને ખબર ન પડે તેમ ભૂસીને યાદીમાં છેલ્લે લખી નાખ્યું. થોડીવારે યમરાજા જાગ્યા. તેમણે કહયું, પહેલી વખત પૃથ્વીલોક પણ આવી મજાની ઉંઘ માણી મારે સતત આવન જાવન હોય એટલે આવો આરામ મળે જ નહીં. તારી મહેમાનગીરી અને મારા પ્રત્યેના આદરથી હું આજે પ્રસન્ન થયો. મને લાગે છે કે મારે તને થોડો સમય આપવો જોઈએ. એક કામ કરૂ છું મારી યાદીમાં જે નામો છે તેમાં હું આજે છેલ્લેથી કામ શરૂ કરીશ. હવે તું ખુશ ને..?

હું અચરજ પામી ગયો.

દુનિયામાં દરેક માણસ એમ માને છેકે પોતે હોશિયાર અને ચાલાક છે પણ નિયતિ આગળ ચાલાકી ચાલતી નથી.

**–(સૌજન્ય : તારે સીતારે ભાગ–ર માંથી)**

***તક આવે છે તેના કરતાં તે જતી રહે છે ત્યારે મોટી લાગે છે.***

## રાઈટશોપ સેમીનાર

કોસ્ટલ સેલીનીટી પ્રીવેન્સન સેલ (સીએસપીસી) દ્વારા અમદાવાદ મેનેજમેન્ટ એસોસીએસન (એએમએ) ખાતે તા. ૬ અને ૭ જૂન–૨૦૧૭ ના રોજ રાઈટશોપનું આયોજન કરાયુ હતું. આ વર્કશોપ નો મુખ્ય હેતુ કેસ સ્ટડી અને સફળ વાર્તાઓનુ સંકલન કરવુ અને ફિલ્ડ સ્ટાફની ક્ષમતા વધારવી એ હતો.

સીએસપીસીના ચીફ જનરલ મેનેજર શ્રી દિવ્યાંગ વાઘેલા દ્વારા ફિલ્ડ પર્સનની એવી મહત્વની વાતો પર પ્રકાશ ફેલાવ્યો કે જે હજુ સુધી આપણાથી અજાણ જ રહી હોય. વ્યકિતગત કામ, નામ અને કલમ નું મહત્વ હમારા કામ, હમારા નામ ઓર હમારા કલમ કેસસ્ટડી કેમ લખવી તેના પર પ્રસ્તુતી અપાઈ. ત્યારબાદ દરેક કાર્યકર ને પોતાના વિચાર કે વાર્તા માટે બે લીટી લખવાનું કહેવામાં આવ્યું જેનુ આગળ જતાં વિસ્તૃતિકરણ કરી શકાય. ત્યારબાદ દસ્તાવેજોના કાર્યોનું મહત્વ સમજાવી વાર્તા, કથાઓનાં સંકલનના માળખા વિશે વાત કરાઈ.

## વિશ્વ યોગ દિન

યોગ એટલે શું ? આ પ્રશ્ન વારંવાર મનમાં થાય છે. આપણી પ્રચીન ઋષિ પરંપરામાંથી આવેલો આ શબ્દ છે. યોગ એટલે અનુસંધાન કે જોડાણ પરંતુ આ જોડાણ કોની સાથે ? યોગ એટલે જીવનુ શિવ સાથે જોડાણ, યોગ એટલે મનનુ શરીર સાથેનુ જોડાણ.

તા. ૨૧ જૂન એટલે વિશ્વ યોગ દિન આ દિવસે સમગ્ર વિશ્વમાં વિશ્વ યોગ દિવસ ધામધૂમથી ઉજવવામાં આવે છે. બાબરા તાલુકાની કુંવરગઢ પ્રાથમીક શાળાના શિક્ષક સ્ટાફ અને બાળકો સાથે સંસ્થાના કાર્યકરો જોડાયા. સૂર્યનમસ્કાર, પ્રાણાયમ, પદમાસન જેવાં આસનો દ્વારા યોગનું મહત્વ સમજાવ્યું.

**વાંચક મિત્રો,**

ટપક માટે આપ, સહયોગ રાશિ મોકલી શકો છો. ટપકને મોકલવામાં આવનાર આ રકમ ચેક અથવા ડ્રાફટથી શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રના નામે મોકલી શકશો તેમજ સંસ્થાને તેના કાર્યોમાં આપ ઓનલાઈન ડીઝીટલ પધ્ધતિનો ઉપયોગ પણ કરીને આર્થિક સહયોગ આપવા નીચેની લીકને ઉપયોગમાં લેવા વિનંતી છે.

https://letzchange.org/nonprofits/shikshan-ane-samaj-kalyan-kendra/what-we-do

આપની આસપાસ બનતા બનાવો કે જે બીજા લોકો માટે અનુકરણીય હોય તેની વિગતો ટપકને મોકલી શકો છો. તેથી અન્ય લોકો તે વિશે માહિતગાર થશે.

***– એસએસકેકે ટપક ટીમ***

***વિચાર્યા વિનાની વાણી પાણીમાં કરેલા લખાણ જેવી છે.***

## ટકાઉ ખેતી

ખેડૂત મિત્રો ૨૦૧૭ નું બજેટ ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી કરવાનો સરકારનો હેતુ છે. જે ખેડૂત મિત્રોની કોઠાસુજ અને વૈજ્ઞાનિક અભિગમ થી સાકાર થઈ શકે. ખેડૂત મિત્રો કપાસની ખેતીમાં બમણી આવક કરવાના બે વિકલ્પો છે.

૧) એકમ વિસ્તાર દીઠ ઉત્પાદન વધારવાના ઉપાયો

૨) ખેતીમાં ખેતી ખર્ચ ઘટાડવાના ઉપાયો

કપાસની ખેતીમાં એકમ દીઠ ઉત્પાદન વધારવા માટે સાંકડા પાટલે વાવેતર કરવું જરૂરી છે. મોટા ભાગના ખેડૂતો ૬×૨, ૫×૨, ૫×૧.૫ ફૂટના અંતરે કપાસનું વાવેતર કરતા હોય છે. જેથી છોડનો વિકાસ વધવાથી એકમ દીઠ છોડની સંખ્યામાં વધારો થાય છે. પરિણામે એકમદીઠ વિસ્તારમાં વધુ ઉત્પાદન આવી શકે. સાંકડા પાટલે વાવેતર માટે વહેલી પાકતી જાત, સીધી વધતી જાત, ઠીંગણી જાત, ગુજ.સંકર હાઈબ્રીડ૬, ગુજરાત સંકર હાઈબ્રીડ ૮, જીટીએચએચ ૪૯, વિ.બોલગાર્ડ ૨ જેવી જાતો પસંદ કરવી જોઈએ. જેથી પાછલી અવસ્થાએ ગુલાબી ઈયળના નુકશાનથી કપાસને બચાવી શકાય. બીટી કપાસને ફરતે નોન બીટી કપાસનું વાવેતર અચૂક કરવું જોઈએ. જે ખેડૂત મિત્રો સાંકડા પાટલે વાવેતર ન કરતા હોય તે ખેડૂતભાઈઓએ કપાસની વચ્ચે કઠોળ વર્ગના પાકો આંતરપાકનું વાવેતર કરવાથી કપાસના ખોછા ઉત્પાદન સામેનું જોખમ ઘટાડી શકાય છે. તેમજ વધારાની આવક મેળવી શકાય છે. કપાસના પાકને બે માસ સૂધી નિંદામણ મુકત રાખવા માટે બે આંતરખેડ અને બે હાથ નિંદામણ કરવુ જરૂરી છે. જો નિંદામણ નિયંત્રણ સમયસર કરવામા ન આવે તો કપાસના પાકનો વિકાસ રૂંધાય છે. તેમજ ખેતર માં નાખેલ ખાતર, પાણીનો ઉપયોગ કપાસની સાથે સાથે નિંદામણમાં પણ ઉપયોગ થતો હોવાથી ખર્ચમાં વધારો થાય છે. ખેડૂત મિત્રો મગફળી ને વાવેતર કરતા પહેલા ૧૨ કલાક પહેલા ફૂગનાશક દવાનો પટ આપ્યા બાદ તરત જંતુનાશક દવાનો પટ આપવાથી મગફળી માં આવતો ઉગસૂક તેમજ મગફળીમાં નુકશાન કરતા સફેદ ધૈણ/મુંડા થી બચી શકાય. મગફળી માં ફેરસ લોહતત્વની ઉણપ હોય તો મગફળી પીળી જોવા મળે છે. તો તેના માટે ૧૫૦ ગ્રામ હિરાકસી અને ૧૫ ગ્રામ લીંબુના ફૂલ ને પાણીમાં ઓગાળી ૧૫ લીટર પાણી નો ૮ થી ૧૦ દિવસ ના અંતરે બે છંટકાવ કરવા જોઈએ. ખેડૂત મિત્રો મગફળી ને સફેદ ધૈણ/મુંડા ના નિયંત્રણ માટે લાઈટટ્રેપ (પ્રકાશ પીંજર) ખેતરે ગોઠવવું જોઈએ તેમજ ખેતર ના શેઢા પર આવેલ મોટા વૃક્ષો પર જંતુનાશક (ઈમીડાકલોપ્રીડ) દવાનો છંટકાવ કરવો જોઈએ.

*– કૌશિક પંડયા*

**એટલા ખુશ રહો કે બીજા લોકો તમને જુએ તો એ પણ ખુશ થઈ જાય.**

## ટકાઉ ખેતી

દોસ્તો આ અંકમાં ભાચા ગામના મોહનભાઈ ભીલવાળા એ ટાટા બીસીઆઈ પરિયોજના માંથી તેમની ખેતીમાં કરેલ ફેરફાર અને તેમણે થયેલ ફાયદા વિષે થોડું લખું છું.

ટ્રાયકોડર્મા વિરડી

મોહનભાઈ જણાવે છે કે ટ્રાયકોડર્મા શું છે અને કેવી રીતે વાપરવું તેમનું કાર્ય શું છે તે બાબતે અમારૂ ખેડૂત ગૃપ અજાણ હતું. પરંતુ ગૃપની તાલીમ પછી ટ્રાયકોડર્મા વિષે સમજણ ઉભી થઈ. જેથી વર્ષોથી મગફળીના પાકમાં સુકારાના રોગના કારણે મગફળીના ઉત્પાદનમાં ખૂબ મોટું નુકશાન ભોગવાનો વારો આવતો તેમજ ઝેરી દવાના ઉપયોગથી મોટો ખર્ચ તેમજ જળ, જમીન, વાતાવરણને નુકશાન થતું હતું. ગૃપ તાલીમમાં ટ્રાયકોડર્મા વિરડી વિષે જાણકારી મળી. જાણકારી મુજબ વર્ષ ૨૦૧૪ થી મારા ખેતરમાં ઉપયોગ કરવાનું શરૂ કર્યુ અને જેનું ચમત્કારી પરીણામ જોવા મળ્યું. મગફળી તેમજ બીજા પાકોમાં આવતી ફૂગ નિયંત્રીત થઈ તેમજ ઝેરનો ઉપયોગ બંધ કર્યો જેનાથી વધારાનો ખર્ચ ઓછો થયો સાથે તેની આડ અસરોથી પણ બચી શકાયું.

ફોસ્ફરસ ખાતર

મોહનભાઈ જણાવે છે કે પાયામાં ડીએપી પછી યુરીયા ખાતર તેમજ કપાસમાં ૫૦ – ૬૦ દિવસ પછી ફરીથી ડીએપી ખાતરનો ઉપયોગ કરતાં. ખાતરમાં કયાં તત્વો આવે છે તેમજ તેની ઉપયોગીતા શું છે તે બાબતે અમારૂ ખેડૂત ગૃપ બિલકુલ અજાણ હતું.

ગૃપની તાલીમ પછી જમીન ચકાસણીનું મહત્વ સમજાયું. અમારા ગૃપે લગભગ ખેડૂતોને જમીનની ચકાસણી કરાવી. અને સાથે ખાતરની ઉંડાણ પૂર્વક જાણકારી મેળવી. ખાસ કરીને ખાતર આપવાનો સમય, જથ્થો અને ખાતરની પસંદગી વગેરે જેવી બાબતો ફોસ્ફરસ ખાતરની જરૂરીયાત અને તેનો સમય ખૂબ જ મહત્વનો છે. આજે એ વાત જાણવા મળી કે ફોસ્ફરસ ખાતર પાકને ઉપયોગમાં આવતા સમય લગાડે છે. માટે તેને નાખવાનો સમય જોવો જોઈએ. માટે ગૃપને જાણકારી મળ્યા બાદ ફોસ્ફરસ ખાતરનો ઉપયોગ માત્ર પાયાના ખાતર તરીકે જ કરતાં થયા જેથી આ ખાતરનો ભાવ પણ વધારે છે જેનો પૂરેપૂરો લાભ મળતો થયો. તાલીમ પહેલા કપાસના ૫૦ – ૬૦ દિવસ પછી ખાતરનો ઉપયોગ કરતાં બંધ કર્યો અને યોગ્ય સમયે ખાતર આપવાથી તેનો પૂરો લાભ થયો. અને આ ખાતરો વિશે પૂરક માહિતી મળી જેથી બધા જ પાક માટે ખાતરની પસંદગીમાં પણ સરળતા રહી.

દોસ્તો ઘણું ટૂંકમાં લખ્યું છે જેથી કરીને આપણને મોહનભાઈના અનુભવો આપણી ખેતીમાં પણ કામ આવે.

– ડી.એન.ઝાલા (૯૮૨૫૪૨૨૨૪૪)

**કોઈની સફળતાની ઈર્ષા કરતાં પહેલા એનો સંઘર્ષ ચોક્કસ જોઈ લેવો.**

## પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના વર્કશોપ

સજ્જતા સંઘ અને ડીએસસી સાથે પાક વીમા સંદર્ભે પીએમએફબીવાય અંગે ખેડૂતોમાં જાગૃતિ બને તે માટે ચર્ચા થઈ હતી. જેના ભાગરૂપે આ માસમાં પ્રધાનમંત્રી ફસલ વીમા યોજનાનુ એક અભિયાન તા.૦૩–૦૬–૨૦૧૭ ના રોજ ધારી તાલુકાના ગોવિંદપુર અને સુખપુર ગામે ચલાવવામાં આવ્યુ. જેમાં સંસ્થાના કાર્યકર નરેન્દ્ર પોકીયા અને નીરવ સોલંકી હાજર રહયા હતા.

નરેન્દ્ર પોકીયાએ ખેડૂતોને આ યોજનામાં જોડાવા માટે માર્ગદર્શન આપ્યું હતું. તેમજ આ યોજનાનો મુખ્ય હેતુ શું છે અને આ યોજના અંતર્ગત ખેડુતોના પાકનુ જોખમ ઘટાડવા માટે ધીરાણ/લોન ન ઉપાડતા ખેડુતોને પણ આ યોજના અંતર્ગત પાક વિમો મળવાપાત્ર છે.આ યોજનામાં જોડાયા બાદ ખેડૂતોને ભરવાનું થતું પ્રીમીયમ અને તેમાં કયાં–કયાં પાકોનો સમાવેશ થાય છે તે કોષ્ટક દ્વારા સમજાવ્યું હતું.

| | ખરીફ ઋતુ | ઉનાળુ ઋતુ |
|---|---|---|
| ખાધ્ય પાકો | ૨% | ૧.૫% |
| તેલીબીયા પાકો | ૨% | ૧.૫% |
| વાર્ષિક વાણિજિયક અને બાગાયતી પાકો | ૫% | ૫% |




**પાણી મર્યાદા તોડે તો વિનાશ અને વાણી મર્યાદા તોડે તો સર્વનાશ.**

**Happy Birthday**

| | |
|---|---|
| Ramji Bambhaniya | 01.07.1992 |
| Mahesh Mayatra | 13.07.1994 |
| Paresh Chavda | 17.07.1994 |
| Hardik Vagadiya | 20.07.1985 |
| Paresh Solanki | 28.07.1990 |

**In this month**

| | |
|---|---|
| 3 | PMFBY campaign at Govindpur and Sukhpur. |
| 5 | World Environment day. |
| 6 | Staff meeting at Dhokdva. |
| 6-7 | Write shop CSPC at Ahmedabad. |
| 10 | Coordination meeting at Timbi. |
| 15 | Babra Pu Staff Meeting at Amreli. |
| 15 | Staff review meeting at Dhokdva. |
| 21 | World yoga day. |
| 21 | NABKISAN visit by Samir shah. |
| 21 | Avirat Board meeting at Khambha. |
| 27 | Jaldoot meeting at Amreli. |
| 29 | JAPCO BOD meeting at Timbi. |

**Speak 5 lines to yourself every morning**

1. I am the best
2. I can do it
3. God is always with me
4. I am a winner
5. Today is my day

***- Abdul Kalam***

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

**Post Reg. No. Amreli/091/2015-17**
**Valid Upto 31/12/2017**

**RNI No. GUJGUJ/1999/01521**
**Date Of Issue 1st of month**

Book -Post, Printed Matter

SSKK
ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**ઈમાનદાર હોવાનો અર્થ છે હજાર મણકાઓમાંથી અલગ ચમકતો હીરો.**